Duly completed Postal Ballot Forms should reach the Scrutinizer notlater than 5:00 p.m. on Monday, August 5, 2024at the address- **M/S. A. SHAH & ASSOCIATES, D- 413, Shiromani Complex, Opp. Ocean Park, S.M. Road, Satellite, Ahmedabad - 380015, Gujarat, India**. The Voting through Postal Ballot and Electronic means shall commence on **Sunday, July 7, 2024 (9:00 a.m.) and ends on Monday, August 5, 2024 (5:00 P.m)**

Any response received after this date will be treated as if the same has not been received.

For any grievances /queries connected with the voting by postal ballot including voting by electronic means, shareholders may contact the undersigned by writing him at the registered office ofthe Company.

The result of the Postal Ballot would be announced on or before **05.00 P.M.on Wednesday, August 7, 2024** at the registered Office of the Company. The result would be displayed at the Registered Office of the Company, intimated to the Stock exchange where the shares of the Company are listed, published in newspapers and displayed along with the Scrutinizer's report on the Company Website.

**Place : Ahmedabad**
**Date : 06/07/2024**

For, TIRTH PLASTIC LIMITED
**MR.ASHISH HASMUKHLAL SHAH**
Director
(DIN: 08297813)

# શહેર તાલુકાના ખોજલવાસા ગામના નાયબ સુબેદાર રાષ્ટ્રપતિના હસ્તે શૌર્ય ચક્રથી સન્માનિત



(પ્રતિનિધિ)ગોધરા, પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ખોજલવાસા ગામના નાયબ સુબેદારને પોતાની બહાદુરીથી આર્મી ઓપરેશનમાં આતંકવાદીઓનો સફાયો કરવા બદલ રાષ્ટ્રપતિના હસ્તે શૌર્ય ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ખોજલવાસા ગામના નાયબ સુબેદારને રાષ્ટ્રપતિ ભવન ખાતે શૌર્યચક્રથી સન્માનિત કરવામાં આવતા સમગ્ર જિલ્લાનું ગૌરવ વધ્યું છે. પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ખોજલવાસા ગામે રહેતા સંજયકુમાર ભમ્મરસિંહ બારિયા ભારતીય આર્મીની મ્હાર રેજીમેન્ટની ૨૧મી બટાલિયનમાં નાયબ સુબેદાર તરીકે ફરજ બજાવે છે. ગત ૧૨જૂન ૨૦૨૩ના રોજ જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં ચારથી પાંચ જેટલા આતંકવાદીઓએ ઘૂસણખોરી કરી હોવાની ગુપ્ત માહિતી ભારતીય આર્મીને મળી હતી.જેના ઓપરેશન માટે સેનાએ એક ખાસ ટીમ બનાવી હતી. જેમાં પંચમહાલ જિલ્લાના સંજયકુમાર બારિયાનો સમાવેશ કર્યો હતો. ભારતીય સેનાએ જંગલમાં ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં સંજયકુમાર બારિયાએ ગાઢ જંગલમાં પોતાની આગવી સૂઝબૂઝથી આતંકવાદીઓ નજીક પહોંચ્યા હતા. જેમાં પોતાની બહાદુરીની ઓળખાણ આપતાં સંજયકુમાર બારીયાએ ૧૨ દિવસ સુધી ચાલેલા ઓપરેશનમાં એક કટ્ટર આતંકવાદીને ઠાર માર્યો હતો. જેની ભારતીય આર્મી સહિત દેશના ગૃહ વિભાગ દ્વારા ખાસ નોંધ લેવામાં આવી હતી. ત્યારે નાયબ સુબેદાર બારિયા સંજયકુમારને રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુના હસ્તે શૌર્ય ચક્ર એનાયત કરીને તેઓની બહાદુરીનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ બારિયા સંજયકુમારે પંચમહાલ જિલ્લાની સાથે સાથે સમગ્ર ગુજરાત અને ભારતીય આર્મીની મ્હાર રેજીમેન્ટનું ગૌરવ વધાર્યું છે.

# અષાઢી બીજથી અંબાજી મંદિરની આરતી અને દર્શનના સમયમાં ફેરફાર

(એજન્સી)અંબાજી, ચોમાસું આવતા જ દિવસ અને રાતના સમયમાં મોટો ફેરફાર થયો છે. ત્યારે આ બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરની આરતીના સમયમાં ફેરફાર થયો છે. જેથી દર્શનના સમયમાં પણ ફેરફાર કરાયો છે. ત્યારે આ બાબતની ભાવિક ભક્તોએ નોંધ લેવી તેવું મંદિર તરફથી જણાવવામા આવ્યું છે.

આ વિશે માહિતી આપતા અંબાજી મંદિરના ભટ્ટજી મહારાજ ભરતભાઈ પાધ્યાએ જણાવ્યું કે, યાત્રાધામ અંબાજી ખાતે અંબાજી મંદિરમાં પ્રણાલિકા મુજબ અને સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ફેરફાર થવાથી અંબાજી આવતા લાખો શ્રદ્ધાળુઓની સગવડ અને સરળતાથી દર્શન થઈ થકે તેવી સગવડ માટે અંબાજી મંદિરમાં તારીખ ૦૭ જુલાઈ એટલે કે અષાઢી બીજથી દર્શન અને આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવશે.

હવે પછી અંબાજી મંદિરમાં ત્રણ વખત થતી આરતી અષાઢી બીજથી બે વખત જ કરવામાં આવશે. બપોરે કરાતી આરતી બંધ કરાશે અને દર્શન આરતીના સમયમાં પણ ફેરફાર કરાયો છે.

સવારે મંદિર ૧૦.૪૫ કલાકે બંધ થતું હતું, તેના બદલે હવે ૧૧.૩૦ કલાક સુધી દર્શનનો સમય લંબાવાયો છે. માતાજીની સાતે દિવસની સવારીનાં દર્શન, જે માત્ર ૧૦.૪૫ સુધી થતાં હતા જે હવે ૪.૩૦ કલાક સુધી દર્શનનો લાભ મળશે. અષાઢી બીજથી દર્શનનો સમય આ પ્રમાણે નક્કી કરવામાં આવ્યો છે.

આરતી સવારે - ૭.૩૦ થી ૮.૦૦,દર્શન સવારે - ૮.૦૦ થી ૧૧,૩૦,બપોરે આરતી બંધ કરવામાં આવી છે,બપોરે દર્શન - ૧૨.૩૦ થી ૧૬.૩૦,સાંજે આરતી -૧૯.૦૦ થી ૧૯.૩૦,દર્શન સાજે - ૧૯.૩૦ થી રાત્રી ના ૨૧.૦૦ સુધી મંદિર ખુલ્લુ રહેશે

ઉલ્લેખનીય છે કે, સૂર્યાસ્ત અને સૂર્યોદય મુજબ વર્ષમાં નિયત સમયે અંબાજી મંદિરના દર્શન અને આરતીના સમયમાં ફેરફારો કરાતા રહે છે. મંદિરમાં આવા માઈભક્તોને કોઈ અવગવડતા ન પડે તે હેતુથી મંદિર પ્રશાસન દ્વારા આ માહિતી જાહેર કરવામાં આવતી હોય છે.




નાંદોલ સેવા સહકારી મંડળી લિમિટેડ માં ચેરમેન તરીકે શ્રી નૈલેષભાઈ નટવરભાઈ પટેલ તેમજ વાઇસ ચેરમેન તરીકે શ્રી શૈલેષભાઈ પટેલ ની સર્વાનુમતે વરણી કરવામાં આવી તથા નવીન વરાયેલ કમિટી સભ્યશ્રીઓ નું સન્માન કરવામાં આવ્યું તેમજ મંડળીમાં સતત ૩૮ વર્ષ સુધી ચેરમેન તરીકે સેવાઓ આપી મંડળીને વટ વૃક્ષ બનાવનાર વડીલ શ્રી વિનોદરાય હીરાલાલ પટેલે ચેરમેન તરીકે નિવૃત્તિ જાહેર કરતા તેઓ શ્રીની સેવાઓને બિરદાવતા તેઓશ્રીનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

# આફ્રિકન દેશ મોરિટાનિયાના દરિયાકાંઠે બોટ પલટી જવાથી ૧૦૫ના મોત

(એજન્સી)નવીદિલ્હી, પશ્ચિમ આફ્રિકન દેશ મોરિટાનિયાના દરિયાકાંઠે આ અઠવાડિયે એક સ્થળાંતરિત બોટ પલટી જતાં ૧૦૫ લોકોના મોત થયા છે. રાહત અને બચાવ કામગીરી દરમિયાન માત્ર ૮૯ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. દક્ષિણ-પશ્ચિમ શહેર એનડિયાગોમાં માછીમારી સંગઠનના પ્રમુખ યાલી ફોલે જણાવ્યું હતું કે સ્થાનિક લોકો સોમવારથી કિનારેથી ખેંચાયેલા મૃતદેહોને દફનાવી રહ્યા હતા. સ્થળાંતર અધિકાર જૂથ વૉકિંગ બોર્ડર્સે જણાવ્યું હતું કે કેનેરી ટાપુઓ સુધી પહોંચવાનો પ્રયાસ કરતી વખતે ૨૦૨૪ ના પ્રથમ પાંચ મહિનામાં લગભગ ૫,૦૦૦ માઈગ્રન્ટ્સ દરિયામાં અણધાર્યા મૃત્યુ પામ્યા છે. પશ્ચિમ આફ્રિકન દેશની સરકારી સમાચાર એજન્સી અને માછીમારી સંગઠનના વડાએ શુક્રવારે જણાવ્યું હતું કે બોટ પલટી જવાની ઘટના ગયા અઠવાડિયે બની હતી. કોસ્ટ ગાર્ડે ૧૭૦ લોકો સાથે યુરોપ જઈ રહેલા ૮૯ માઈગ્રન્ટ્સના મૃતદેહ બહાર કાઢ્યા છે.

# ભિલોડાના ઓડ ગામના ભાઈ-બહેન ચેકડેમમાં નાહવા પડતાં ડૂબી જતા મોત

(પ્રતિનિધિ) બાયડ, અરવલ્લી જીલ્લામાં ચોમાસાની ઋતુમાં પાણીમાં ડૂબી જવાની ઘટનાઓ માં દરવર્ષે નોંધપાત્ર વધારો થતો હોય છે ભિલોડા તાલુકાના ઓડ ગામ માં શાળા છૂટીને ઘરે આવ્યા બાદ ભાઈ-બહેન બકરા ચરાવવા જતા ખેતરમાં રહેલા ચેકડેમમાં નાહવા પડતા ૫ વર્ષીય ભાઈ અને ૯ વર્ષીય બહેન પાણીમાં ડૂબી જતા મોત નિપજતા પરિવારજનોમાં માતમ છવાયો હતો શામળાજી પોલીસ સ્થળ પર પહોંચી બંને મૃતક બાળકોના મૃતદેહને શામળાજી રેફરલ હોસ્પિટલમાં પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડા તાલુકાના ઓડ ગામમાં રહેતા બાબુભાઈ પોચાજી ફનાત નામના ખેડૂતનો ૫ વર્ષીય પુત્ર પ્રિન્સ અને ૯ વર્ષીય પુત્રી પ્રિયાંશી શુક્રવારે શાળામાંથી છૂટીને ઘરે પરત ફર્યા બાદ સાંજના પાંચ વાગ્યા બાદ બકરા ચરાવવા નજીકના વિસ્તારમાં ગયા હતા બકરા ચરાવતાં ચરાવતા મનુભાઈ કોદરાભાઈ કટારાના ખેતરમાં આવેલ ચેકડેમમાં પાણી ભરેલ જોઈ નાહવા પડતાં બંને ભાઈ-બહેન પાણીમાં ડૂબી જતા મોતને ભેટ્યા હતા બંને બાળકો ચેકડેમમાં ડૂબી જતા અંધારા જેવો માહોલ થતાં બકરા ઘરે પરત આવી ગયા હતા પરંતુ બંને બાળકો ઘરે પરત ન ફરતા પરિવારે બંનેની શોધખોળ હાથધરતા નજીકમાં આવેલ ચેકડેમમાં બંને બાળકો પાણીમાં ડૂબી ગયેલી મળી આવતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું ભાઈ-બહેનનું પાણીમાં ડૂબી જવાથી મોતના પગલે દંપતિએ ભારે આક્રંદ કરી મૂકતાં આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા બાળકો પાણીમાં ડૂબી મોત નીપજતા શામળાજી પોલીસને જાણ કરતા તાબડતોડ સ્થળ પર દોડી આવી બંને મૃતક બાળકોની લાશને પીએમ માટે ખસેડી દીધી હતી.

# તમિલનાડુમાં બસપા પ્રમુખની હત્યા

(એજન્સી)ચેન્નાઇ, તમિલનાડુના ચેન્નઈમાં એક હચમચાવતી ઘટના સામે આવી છે. અહીં બહુજન સમાજ પાર્ટીના તમિલનાડુના પ્રમુખની શુક્રવારે તેમના ઘરની સામે જ ૬ બાઈક સવારોએ ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખી હતી. આ ઘટના ચેન્નઈના સેમ્બિયક વિસ્તારમાં બની હતી.

માહિતી અનુસાર બસપા પ્રદેશ અધ્યક્ષ આર્મસ્ટ્રોંગ પોતાના ઘરની નજીક પાર્ટી કાર્યકરો સાથે વાતચીત કરી રહ્યા હતા ત્યારે અચાનક ૬ લોકો બાઈક પર આવ્યા અને તેમના પર ઓચિંતો હુમલો કરી દીધો. બસપા નેતાને મારી નાખ્યા બાદ હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. જ્યારે ઘટનાની જાણ પરિજનોને થઈ તો તેઓ તાત્કાલિક પીડિત આર્મસ્ટ્રોંગને હોસ્પિટલે લઈ ગયા જ્યાં તેમને મૃત જાહેર કરી દેવામાં આવ્યા. આ મામલે પોલીસે કહ્યું કે ગત વર્ષે ગેંગસ્ટર આર્કોટ સુરેશની હત્યાનો બદલો લેવા માટે આ ઘટનાને અંજામ અપાયો હોઈ શકે છે. અમે તપાસ કરી રહ્યા છીએ.

# ભરતપુર જિલ્લામાં ધર્મ પરિવર્તન મામલામાં ૨૫ લોકોની અટકાયત

(એજન્સી)જયપુર, રાજસ્થાનના ભરતપુર જિલ્લામાં કથિત રીતે કેટલાક લોકોને ધર્મ પરિવર્તન માટે દબાણ કરવાના મામલામાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે ફરિયાદના આધારે ૨૫ લોકોની અટકાયત કરી છે. ભરતપુરના મથુરા ગેટ પોલીસ સ્ટેશન વિસ્તારની સંગમ બિહાર કોલોનીમાં એક જમણેરી જૂથે હંગામો મચાવ્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે કોલોનીના એક ઘરમાં એક ખાસ ધર્મની પ્રાર્થના ચાલી રહી હતી.

દક્ષિણપંથી જૂથોના કાર્યકર્તાઓનો આરોપ છે કે આ ઘરમાં પ્રાર્થના સભા દરમિયાન પુરુષો અને મહિલાઓને લાલચ આપવામાં આવી રહી હતી અને તેમને ખ્રિસ્તી ધર્મ અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

૨૦ મહિલાઓ સહિત ૨૮ લોકોની અટકાયત કરવામાં આવી હતી. જે બાદ ધર્મ પરિવર્તન અને હંગામાની જાણ થતાં મથુરાગેટ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યાંથી ૨૦ મહિલાઓ સહિત ૨૮ લોકોની અટકાયત કરવામાં આવી હતી. પોલીસને આપેલી ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે રિકો વિસ્તારના એક ઘરમાં લોકો ધર્મ પરિવર્તન માટે એકઠા થયા હતા, ત્યારબાદ કેટલાક લોકોની અટકાયત કરવામાં આવી છે અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. ડીએસપી સુનિલ શર્માએ જણાવ્યું કે આ મામલે વધુ તપાસ કરવામાં આવી રહી છે.

વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા પ્રમુખ લખન સિંહે પત્રકારોને જણાવ્યું કે, એક ઘરમાં ધર્માંતરણનું કામ ચાલી રહ્યું છે અને સભામાં લગભગ ૧૦૦ લોકો એકઠા થયા હોવાની માહિતી મળી હતી. તેમણે કહ્યું કે એક ટીમ ત્યાં ગઈ હતી અને પોલીસને પણ કાર્યવાહી માટે બોલાવવામાં આવી હતી. લખન સિંહે જણાવ્યું કે જ્યારે વિશ્વ હિન્દુ પરિષદના કેટલાક લોકોને તે ઘરમાં મોકલવામાં આવ્યા ત્યારે એક મહિલાએ કહ્યું કે અમે અહીં લાઈબ્રેરી ચલાવીએ છીએ. પરંતુ જ્યારે તેઓ અંદર પ્રવેશ્યા ત્યારે તેમને જાણવા મળ્યું કે ત્યાં લોકોને ખ્રિસ્તી બનાવવામાં આવી રહ્યા છે.

# ઝારખંડઃહેમંત સોરેન વિધાનસભા ચૂંટણીમાં વિપક્ષી ગઠબંધનનો ચહેરો હશે, કોંગ્રેસ

(એજન્સી)રાંચી, ઝારખંડમાં મોટો રાજકીય વિકાસ જોવા મળ્યો છે. ચંપાઈ સોરેનના રાજીનામા બાદ હેમંત સોરેને રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. હવે કોંગ્રેસના નેતા અજય કુમારનું કહેવું છે કે ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ)ના નેતા હેમંત સોરેન આ વર્ષે રાજ્યમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં વિપક્ષી ગઠબંધન (ભારત)નો ચહેરો હશે. જેએમએમના વડા શિબુ સોરેનના પુત્ર હેમંત સોરેને ગુરુવારે ત્રીજી વખત ઝારખંડના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. કોંગ્રેસના નેતા અજય કુમારનું કહેવું છે કે ઝારખંડમાં મુખ્યમંત્રી બદલવાથી વિધાનસભા ચૂંટણીમાં વિપક્ષી ગઠબંધનની જીતની શક્યતા પર કોઈ અસર નહીં થાય. તેમણે દાવો કર્યો કે ૨૦૧૯ની ચૂંટણીની સરખામણીમાં વિપક્ષી ગઠબંધન આ વર્ષે વધુ સારું પ્રદર્શન કરશે.

**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

**પેઈન્ટીંગ અને સ્ટેન્સિલીંગ કાર્ય**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, પશ્ચિમ રેલવેના વતી નીચેની કામગીરી માટે ઇ-ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર નંબર : BVPW-2023-24-Painting-35R કામનું નામ : ભાવનગર પરા વર્કશોપમાં 11 મહિના માટે આઈસીએફ કોચોનું સ્કોપ વર્ક મુજબ પેઈન્ટીંગ અને સ્ટેન્સિલીંગ. કામની અંદાજિત કિંમત : ₹95,27,865.84/- બીડ સિક્યુરિટી : ₹1,90,600.00/- ટેન્ડર દસ્તાવેજ ફી : 0.00/- ટેન્ડર દરખાસ્તની માન્યતા : 60 દિવસ કામ પૂર્ણ કરવાની અવધિ : સ્વીકૃતિ પત્ર જારી કર્યાની તારીખથી 11 મહિના ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય : 22/07/2024; 15:00 કલાકે. ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : 22/07/2024; 15:30 કલાકે. જારીકર્તા : ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, કોચ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે, મહત્વની નોંધ : ટેન્ડર ફક્ત https://www.ireps.gov.in પર ઇલેક્ટ્રોનિક રીતે જમા કરશે અને આ ઈ-ટેન્ડર સામે કોઈપણ મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી અને આ કચેરીમાં મળેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે અને ખોલશે નહિ. 43

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# નડિયાદ : યુવતિ ગુમ થયા મુદ્દે જિલ્લા પોલીસ અધિક્ષકને આવેદનપત્ર



(તસ્વીરઃ સાજીદ સૈયદ, નડિયાદ)

(પ્રતિનિધિ) નડિયાદ, નડિયાદ પશ્ચિમ વિસ્તારમાં આવેલા બી. એસ. એન એલ. ની નજીક રહેતા એક પરિવારની ૧૯ વર્ષીય પુત્રી નવ દિવસ અગાઉ થી ગુમ થઈ હોય આ બાબતે પશ્ચિમ પોલીસમાં પરિવારના સભ્યોએ અરજી આપી હતી જોકે આજ દિન સુધી કોઈ ભાડના મળતા આજે આ વિસ્તારના લોકોએ જિલ્લા પોલીસ અધિક્ષક ને આવેદનપત્ર પાઠવીએ યુવતીને શોધી કાઢવા માગ કરી છે જોકે આ વિસ્તારનો જ કોઈ યુવક તેને બગાડી ગયો હોવાની શંકા પણ વ્યક્ત કરી છે

નડિયાદ પશ્ચિમ વિસ્તારમાં આવેલા બી. એસ. એન એલ. ની નજીક રહેતા એક પરિવારની ૧૮ વર્ષીય પુત્રી નવ દિવસ અગાઉ થી ગુમ છે શરૂઆતમાં આ યુવતી કોઈ બેનપણી ને ઘર ગઈ હોય આવી જશે તેઓ માનીને પરિવારના સભ્યો બેસી રહ્યા પરંતુ મોડા સુધી તે પરત ન આવતા આ બાબતે તેમણે તપાસ કરતા આ વિસ્તારના કોઈ યુવકે તેને લલચાવી ભગાડી હોવાની વાત બહાર આવી હતી જેથી તેમણે આ બાબતે નડિયાદ પશ્ચિમ પોલીસમાં જાણ કરી હતી જો કે પશ્ચિમ પોલીસે નવ દિવસ સુધી આ ગુમ થયેલ યુવતી ની તપાસમાં કરતા આખરે આ વિસ્તારના લોકોએ જિલ્લા પોલીસ અધિક્ષકને આવેદનપત્ર આપ્યું છે અને પોતાના પરિવારની પુત્રી ને શોધી કાઢવા માટે માંગ કરી છે આવેદનપત્ર આપવા આવેલા લોકોએ પોલીસ પર પણ ખોટા આક્ષેપો કર્યા હતા અને આ વિસ્તારમાંથી અગાઉ પણ યુવતીઓને બગાડવામાં આવી હોવાની વાત પણ તેમણે કરી હતી.

આ આવેદનપત્રમાં અલ્કેશભાઈ સુરાજી સરગરા (મારવાડી)રહે. રાજીવનગર, પીજ રોડ, નડીઆદ એ જણાવ્યું છે કે મારી ૧૯ વર્ષ એ પુત્રીને અમારા પાડોશમાં રહેતો અર્જુન ગણેશભાઈ ઠાકોર લલચાવી, પટાવી, ફોસલાવી બળજબરી પુર્વક ભગાડી ગયેલ છે તેમજ અમારા ઘરમાં બચત કરેલા રૂા.૨૦,૦૦૦/- તથા અમારી પત્નીના દરદાગીના આ તમામ વસ્તુ પણ સાથે લઈ ગયા છે પોલીસે માત્ર અરજી લીધી છે અમારી ફરિયાદ લેવા માંગ છે.

# ચોમાસાની સીઝનમાં સિન્ટેક્સ પ્યોર+ ટાંકી અપનાવો

અમદાવાદ, પાણીના સંગ્રહના સોલ્યુશનમાં ખુબ જ નામના ધરાવતી સિન્ટેક્સ કંપનીએ તેની સૌથી અદ્યતન વોટર સ્ટોરેજ ટાંકી - સિન્ટેક્સ પ્યોર+ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ ટાંકી ખાસ ગુજરાતમાં લોન્ચ કરવામાં આવી છે.

સામાન્ય રીતે લોકો પોતાની સુખાકારી માટે વિવિધ માર્ગો શોધતા હોય છે. કેટલાક જીમમાં જઈને પ્રયાસો કરતા હોય છે તો કેટલાક પોતાના ઘરમાં પૂરી સુખ-સુવિધા હોય તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા હોય છે. આ સુખાકારીમાં પાણી પણ મહત્વની બાબત છે. લોકોને જો શુદ્ધ પાણી મળી રહે તો તેનું આરોગ્ય જળવાઈ રહે છે અને આ માટે લોકો પાણીની ટાંકી ખરીદવા ઉપર ભાર મૂકી રહ્યા છે.

આરોગ્યપ્રદ જીવન ધોરણ મેળવવા માટે લોકો ખાસ કરીને તેને મળતું પાણી શુદ્ધ હોય અને તે જેમાં સ્ટોર કરે છે તે ટાંકી એન્ટી બેક્ટેરીયલ ગુણધર્મો ધરાવતી હોય તેવું ઈચ્છતા હોય છે અને કદાચ એટલે જ લોકો આ પ્રકારની ટાંકી ખરીદવા લાગ્યા છે. ભારતભરમાં ચોમાસાની શરૂઆત સાથે, દૂષિત પાણી અને પાણીની ગુણવત્તા સાથે ચેડાં જેવા પરિબળોને કારણે પાણીજન્ય રોગોનું જોખમ વધવાનું છે. આ સિઝનમાં આ પ્રકારની સમસ્યાથી લોકોને બચાવવા માટે અને પરિવારના સ્વાસ્થ્ય અને સ્વચ્છતાની સુરક્ષા માટે, સિન્ટેક્સ સિન્ટેક્સ પ્યોર+ પાણીની ટાંકી લાવી છે.

**નામ બદલેલ છે**

મેં મારું નામ **રાઈબેન ચાવડા** હતું, જે બદલીને **રાઈબેન ગૌતમભાઈ પરમાર** કરેલ છે.
**સરનામું :** પ્લોટ નં-૭૧/૨, સેકટર-૩-એ ગાંધીનગર-૩૮૨૦૦૬
P201

**નામ બદલેલ છે**

મેં મારું નામ **ભેંજાળિયા મનીષભાઈ વજુભાઈ** હતું, જે બદલીને **ભેંજાળિયા મનીષકુમાર વજુભાઈ** કરેલ છે.
**સરનામું :** બી/૭૦૨, આર્યન ગ્લોરીયા, ગાલા- જીમખાના રોડ, આમ્રમંજલી બંગ્લોવ સામે, સાઉથ બોપલ, અમદાવાદ
1470

**નામ બદલાવેલ છે**

મેં મારૂ નામ તનિષા આનંદભાઈ અગરવાલ થી બદલીને તનિષા આનંદ અગરવાલ રાખેલ છે. સરનામુંઃ C-81 રીવેરા એન્ટીલીયા, કોર્પોરેટ રોડ, પ્રહલાદ નગર, અમદાવાદ-380015.

**નામ બદલેલ છે**

મેં મારું નામ **શેબાજહુસેન મોહંમદહુસેન રાજકોટવાલા** હતું, જે બદલીને **શેબાજહુસેન મોહંમદહુસેન શેખ** કરેલ છે.
**સરનામું :** ભઠીયારવાડ, વૈશ્યસભા પાછળ, જમાલપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
1474

**નામ બદલેલ છે**

મેં મારા સગીર પુત્રનું નામ **ભેંજાળિયા દિવ્યમ મનીષભાઈ** હતું, જે બદલીને **ભેંજાળિયા દિવ્યમ મનીષકુમાર** કરેલ છે.
**સરનામું :** બી/૭૦૨, આર્યન ગ્લોરીયા, ગાલા- જીમખાના રોડ, આમ્રમંજલી બંગ્લોવ સામે, સાઉથ બોપલ, અમદાવાદ
1470A

**નામ બદલેલ છે**

મેં મારું નામ **ભેંજાળિયા મનીષાબેન મનીષભાઈ** હતું, જે બદલીને **ભેંજાળિયા મનીષાબેન મનીષકુમાર** કરેલ છે.
**સરનામું :** બી/૭૦૨, આર્યન ગ્લોરીયા, ગાલા- જીમખાના રોડ, સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮
1470B

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**પેસેન્જર ટ્રેનોમાં પાર્સલ જગ્યા ભાડે આપવા માટે ઇ-ઓક્શન**

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, અમદાવાદ ડિવિઝમાંથી ચાલતી પેસેન્જર ટ્રેનોમાં પાર્સલ જગ્યા ભાડે આપવા ઇ-ઓક્શન પર બિડ આમંત્રિત કરવામાં આવે છે, જે IREPS વેબસાઇટ પર પહેલેથી જ પ્રકાશિત કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ રજૂ કરવામાં આવી છે.

| કેટલોગ નં. | કરારના પ્રકારો | કેટેગરી | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| ADI-Lease-21-24 | પાર્સલ | પાર્સલ-એસએલઆર અને પાર્સલ વાન | તમામ લોટ માટે ઇ-ઓક્શન તારીખ 19-01-07-24 ના રોજ બપોરે 10:00 વાગ્યે શરૂ થશે. |

નોંધ : સંભવિત બિડર્સને વિનંતી કરવામાં આવે છે કે તેઓ IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લે અને હરાજીમાં ભાગ લેતા પહેલા પોતાની નોંધણી કરાવે. પ્રારંભિક કુલિંગ પીરીયડ 30 મિનિટનો છે. સકસેસિવ લોટ બંધ થવાનો અંતરાલ 10 મિનિટ છે. IREPS ના ઈ-ઓક્શન મોડ્યુલમાં લોટ મુજબ બંધ થવાનો સમય જોઈ શકાય છે. 101

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

**સાર્વજનિક સૂચના**

પશ્ચિમ રેલવેનાં અમદાવાદ ડિવિઝનના નીચે જણાવેલ વિભાગના પૂર્ણ થયેલ વિભાગ પર સ્થિત રેલવે લાઈનો અને પરિસરના તમામ વપરાશકર્તાઓને જાણ કરવામાં આવે છે કે 25000 વોલ્ટ, 50 હર્ટ્ઝ એસી ઓવરહેડ ટ્રેક્શન વાયર 20-07-2024 ના રોજ અથવા તે પછી સક્રિય કરવામાં આવશે

ઉપરોક્ત તારીખથી, ઓવરહેડ ટ્રેક્શન લાઈનો દરેક સમયે વિદ્યુતિકૃત માનવામાં આવશે અને કોઈપણ અનધિકૃત વ્યક્તિએ ઉપરોક્ત ઓવરહેડ લાઈનોની નજીક જવું કે કામ કરવું નહીં.

| સેકશન | તારીખ |
|---|---|
| પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના મહેસાણા-પાલનપુર સેક્શન પર કિમી 677.175 થી કિમી 687.727 સુધી ધારેવાડા (સિવાય) થી કામલી (સિવાય) વચ્ચે નવી બી.જી. ડબલીંગ લાઇન. | 20-07-2024 |

17

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**વેસ્ટર્ન ટાઇમ્સ**

**વેસ્ટર્ન ટાઇમ્સ**માં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

**-જાહેરખબર મેનેજર**

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

**"રોડ ઉપયોગકર્તાઓને ચેતવણી "**

સામાન્ય જનતાની માહિતી માટે જણાવવામાં આવે છે કે પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના મહેસાણા-પાલનપુર સેક્શન પર ધારેવાડા (સિવાય) થી કમલી (સિવાય) વચ્ચે નવી બી.જી. 25 KV પરના ઓવરહેડ ટ્રેક્શન વાયરને 20-07-2024ના રોજ કે પછી Km 677.175 થી Km 687.727 સુધી ડબલિંગ લાઇન પર એનર્જાઇઝ કરવામાં આવશે. રસ્તાના સ્તરથી 4.78 મીટરની સ્પષ્ટ ઊંચાઈ સાથે ઊંચાઈ ગેજને તમામ લેવલ ક્રોસિંગ પર સ્થાપિત કરવામાં આવે છે જેથી અતિશય ઊંચાઈના લોડને જીવંત ટ્રેક્શન વાયર (સંપર્ક વાયર) ના સંપર્કમાં આવવાથી અથવા જોખમી રીતે નજીક ન આવે જે રેલ સ્તરે રેલ સ્તર સુધી પહોંચી શકે. ક્રોસિંગ ઓછામાં ઓછી 7.30 મીટરની ઊંચાઈ પર હશે.

જનતાને જાણ કરવામાં આવે છે કે વાહનો લોડ કરવાના હેતુથી ઉપરોક્ત ઉલ્લેખિત ઊંચાઈનું અવલોકન કરવા અને રસ્તા પરના વાહનોમાં વહન કરવામાં આવતો ભાર કોઈપણ સંજોગોમાં ઊંચાઈ માપકનું ઉલ્લંઘન કરતું નથી તે જોવા માટે જાહેર જનતાને આથી સૂચિત કરવામાં આવે છે.

**અતિશય ઊંચાઇના ભારના જોખમો નીચે મુજબ છે :-**

1. હાઈટ ગેજ માટે જોખમો અને પરિણામે રોડ તેમજ રેલ્વે લાઈનમાં અવરોધ.
2. વાહનોમાં જ વહન કરવામાં આવતી સાધનોની સામગ્રી માટે જોખમ.
3. કંડકટર સાથે સંપર્ક અથવા જોખમી નિકટતાને કારણે આગનો ભય અને જીવનું જોખમ. 17A

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**TIRTH PLASTIC LIMITED**

**Regd. Office:** 602, 6th FLOOR, ONE WORLD WEST,S.NO. 396,F.P.119 NR VAKIL BRIDGE, BOPAL, AMBLI ROAD, VILLAGE VEJALPUR, AHMEDABAD GJ 380051 IN
**Website :** www.tirthlimited.com
**Phone :** +91 9408647410 **e-mail :** tirthplastic@gmail.com

**NOTICE TO MEMBERS**

Shareholders are hereby informed pursuant to Section 110 and all other applicable provisions of the Companies Act, 2013 ("the Act"), read with Rule 22 of the Companies (Management and Administration) Rules, 2014 that the Company has,sent email through National Securities Depository Limited (NSDL) along with details of Login ID and Password to the shareholders who have registered their email Ids with the depositories or with the company as well as to the members who have not registered their email ids with the depositories or with the company with in prescribed time the Company have send Physical Notice at their registered address.

For seeking approval of shareholders of the Company by Postal Ballot, including voting by electronic means for the following matter:

| Item No. | Description of the resolution |
|---|---|
| 1 | To approve appointment of Mr.Jigar Mukesh bhai Shah as Managing Director |

The Notice has been sent to all shareholders, whose names appear on the register of Members/ List of Beneficial Owners on Friday **21st June, 2024 (Cutoff Date)** as received from National Securities Depository and Central Depository Services (India) Limited. The Company has appointed Mr. Anish Shah, Practicing Company Secretaryhead of M/s. A Shah & Associates as Scrutinizer for Conducting the Postal Ballot process in fair and transparent manner.

Shareholders who do not receive the Postal Ballot Notice or those who have received Postal Ballot Notice by E-mail and who wish to vote through physical Postal Ballot Form, can also email their request for duplicate Postal Ballot Form to the Company at **(tirthplastic@gmail.com)**.

Duly completed Postal Ballot Forms should reach the Scrutinizer notlater than 5:00 p.m. on Monday, August 5, 2024at the address- **M/S. A. SHAH & ASSOCIATES, D- 413, Shiromani Complex, Opp. Ocean Park, S.M. Road, Satellite, Ahmedabad - 380015, Gujarat, India**. The Voting through Postal Ballot and Electronic means shall commence on **Sunday, July 7, 2024 (9:00 a.m.) and ends on Monday, August 5, 2024 (5:00 P.m)**

Any response received after this date will be treated as if the same has not been received.

For any grievances /queries connected with the voting by postal ballot including voting by electronic means, shareholders may contact the undersigned by writing him at the registered office ofthe Company.

The result of the Postal Ballot would be announced on or before **05.00 P.M.on Wednesday, August 7, 2024** at the registered Office of the Company. The result would be displayed at the Registered Office of the Company, intimated to the Stock exchange where the shares of the Company are listed, published in newspapers and displayed along with the Scrutinizer's report on the Company Website.

For, TIRTH PLASTIC LIMITED
**MR.ASHISH HASMUKHLAL SHAH**
Director
(DIN: 08297813)

**Place : Ahmedabad**
**Date : 06/07/2024**

# શેલ્બી હોસ્પિટલ્સ અમદાવાદ દ્વારા 'SCRICON 2024' નું આયોજન




અમદાવાદ, 'SCRICON 2024'એ શેલ્બી કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની વાર્ષિક ઈવેન્ટની શરૂઆતને ચિહ્નિત કરે છે, જે સમગ્ર ભારતનાં શેલ્બી હોસ્પિટલ્સમાં મલ્ટિડિસિપ્લિનરી કેન્સર સંશોધન અને સારવારને આગળ વધારવા માટે સમર્પિત છે. આ કોન્ફરન્સ "એમ્પાવરિંગ ટ્યુમોરોઃ ઈનોવેશન્સ ઇન કેન્સર કેર એન્ડ બિયોન્ડ'' થીમ આધારિત છે, જેમાં ૨૦૦થી વધુ સંશોધકો, હેલ્થકેર પ્રોફેશનલ્સ અને ઓન્કોલોજીના અગ્રણી નિષ્ણાતોએ ભાગ લીધો હતો. કોન્ફરન્સમાં કેન્સર સામેની લડાઈમાં નવા સંશોધનો, નવીન સારવાર અને સહયોગી પ્રયાસોની ચર્ચા કરવામાં આવી હતી.

ઈવેન્ટમાં મુખ્યત્વે પેનલ ડિસ્કશન અને પોસ્ટર સેશન્સ યોજાયા હતા. અમદાવાદની શેલ્બી હોસ્પિટલના મેડિકલ ઓન્કોલોજીના વડા ડૉ વિરાજ લવીંગિયાએ જણાવ્યું હતું કે, "'SCRICON 2024' એ એક કોન્ફરન્સ કરતાં વધુ છે, તે કેન્સર સંશોધન અને સારવારની સીમાઓને આગળ ધપાવવા માટે સમર્પિત સંકલન છે. ઓન્કોલોજીના સૌથી તેજસ્વી અને કેન્સરની સંભાળના ભાવિને આકાર આપનારી ગ્રાઉન્ડ બ્રેકિંગ ચર્ચાઓના સાક્ષી છીએ.''

# વેલસ્પન લિવિંગ લિમિટેડઃ વૈશ્વિક આઇકોનને સજાવવા માટે ભારતીય વણાટનો ઉપયોગ

મુંબઈ, વેલસ્પન લિવિંગ લિમિટેડે તેની પેટાકંપની બ્રાન્ડ ક્રિસ્ટી મારફત વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ્સ સાથે સતત ભાગીદારી કરીને ટુવાલ ઉત્પાદક તરીકેના ૧૫ ગૌરવપૂર્ણ વર્ષ પુરા કરે છે. આ વર્ષે, ગુજરાતના વાપીમાં વિમ્બલડનની ટેરી ટુવાલ સુવિધા આઇકોનિક વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ ટુવાલના ઉત્પાદનના ૧૫ વર્ષ પૂરા કરશે. કાર્લોસ અલ્કારાઝથી માંડીને પીટ સામ્પ્રાસ અને વિલિયમ્સ બહેનો સુધીના ટેનિસ ચેમ્પિયનના ખભા પર લપેટાયેલા ટુવાલ ૨૦૨૪ના વર્ષમાં એક નવો જ દેખાવ પ્રાપ્ત કરશે.

વેલસ્પન લિવિંગની સહયોગી કંપની ક્રિસ્ટી ૩૭ વર્ષથી સત્તાવાર ટુવાલની સપ્લાયર છે. યુકેમાં અને વૈશ્વિક સ્તરે તમામ રેકેટ રમતોની લોકપ્રિયતામાં સતત વધી રહેલા વધારાને ધ્યાનમાં રાખીને આ ટુવાલને ફરીથી ડિઝાઈન કરવામાં આવ્યો છે. આ ટુવાલના લેન્ડસ્કેપથી લઈને પોર્ટ્રેટમાં ફેરફાર કરીને, ટુવાલમાં ખેલાડીઓના ઈન પ્લેમાં સિલુએટ્સ પ્રદર્શિત કરે છે અને તેનો હેતુ ટેનિસ જેવી લોકપ્રિય રમતની ઉજવણી કરવાનો છે.

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
બગીચા ખાતુ
ઈ-ટેન્ડર નોટીસ નં.૨/૨૦૨૪-૨૫ (ઓનલાઈન)

બગીચા ખાતામાં જુદા જુદા કામ માટે ઈ-ટેન્ડર નોટીસ નં.૨/૨૦૨૪-૨૫ (ઓનલાઈન)થી ઈ-ટેન્ડરો મંગાવવામાં આવે છે. આવા કામનાં અનુભવી કોન્ટ્રાક્ટરોએ ઈ-ટેન્ડરની વિગતો **www.ahmedabadcity.gov.in** અને **https://tender.nprocure.com** ઉપરથી મેળવી શકાશે. ભરેલ ઈ-ટેન્ડરો તારીખ ૨૦-૦૭-૨૦૨૪નાં રોજ ૧૪.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.

**ડે.મ્યુનિસિપલ કમિશનર**
**(પાર્કસ એન્ડ ગાર્ડન્સ)**